# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મોંઘવારીની માર, કેમ કોઇને દેખાતી નથી?
ગરીબની લાચારી, કેમ કોઇને દેખાતી નથી?
દેખાતી નથી કેમ કોઇને બીજી કોઇ જ 'કોમ'!!
જીતવા બીજી રીત, કેમ કોઇને દેખાતી નથી?

## હાઇકુ

'પર્ચા' ભરે ને -
વિશ્વનાથ કરે ને -
મળે પરચા!

ને કીડી પર
ઉતર્યું છે કટક -
પ્રચાર મારો...

## ચિંતન

*નિમ્નોન્નતં વક્ષ્યતિ કો જલાનાં વિચિત્ર ભાંવ મૃગ પક્ષિણાં*
*ચ માધુર્ય મિક્ષૌ કટુતાં મરીચે સ્વભાવતઃ સર્વમિદં હિ સિદ્ધમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'સ્વભાવનું વર્ણન' નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે.

'સરિતા-નદીઓનાં પાણીને નીચે-ઢાળ તરફ જ વહેવું'- એવું એને કોણ કહેવા ગયું હતું, અને (સમુદ્રમાંથી બાષ્પીભવન થતાં-) મેઘના જળે ઉપરની તરફ આભમાં જઇ વાદળ થઇ બંધાવું એવું કોણે કહ્યું હતું? પશુ-પક્ષીઓના ચિત્ર-વિચિત્ર સ્વભાવ-પ્રકૃતિ-નિયમો-આદતોનાં બંધારણ કોણે બનાવ્યાં છે? શેરડીમાં મિઠાશ અને લીમડામાં કડવાસ નાખવા કોણ ગયું હતું? આ બધું જ આપોઆપ પ્રકૃતિનાં નિયમ-કાયદા મુજબ થયા જ કરે છે. બધું જ 'સ્વભાવ' થી જ થાય છે.'

જન્મ સાથે, આત્મા સાથે જ પૂર્વજન્મોનાં પાપ-પુણ્ય પ્રમાણે જ પ્રકૃતિ-સ્વભાવ મળે છે જેણે દુષ્કૃત્યો કર્યાં હોય એને એવા જ પરિવારમાં જન્મ મળે જયાં એને કર્મફળ ભોગવવાનાં જ હોય અને એ મુજબ દુષ્ટ-ક્રોધી સ્વભાવ મળે-અને સત્કાર્યો કર્યાં હોય તો એને સંત-સજ્જનને ત્યાં જન્મ મળે જયાં એને પુણ્યફળ ભોગવવવાની સરળતા મળે એવું જ વાતાવરણ પણ મળે-આમ 'સ્વભાવ' પ્રકૃતિ ઇશ્વરદત્ત-વિધિદત્ત આપણા કર્મો આધારિત નિશ્ચિત જ હોય છે.

## સુવિચાર

- તમારી જાતને બીજા લોકોનાં અભિપ્રાયો મુજબ ઘડવા લાગશો તો લોકો પોતપોતાનાં મતથી તમારા છોતરા ઉડાવી દેશે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવન એ કંઇ ઓલ્મપીકનું મેદાન નથી. રોજેરોજ સામાન્ય પ્રવૃત્તિમાં આપણે ઝળકવાનું છે, શાંત મન, પ્રેમાળ સ્વભાવ, ધીરજ અને સહિષ્ણુતાના ગુણોથી જ આ ઓર્ડીનરી જીવન જીવી શકાય છે **- કાન્તિ ભટ્ટ**
- મૃત્યુની સરખામણીમાં જીવન ગમે તેટલું કઠિન હોય તો પણ જીવવા લાયક છે... મર્યા પછી કંઇ બાકી રહેતું નથી.. એટલે જે જીવન મળ્યું છે તે કઠીન હોય તો પણ પ્રેમથી મસ્તીથી જીવી લો **- ધર્મસૂત્ર**
- લગ્ન એટલે બંને પાત્રોની સ્વતંત્રતા સમાન હોય તથા પરસ્પરની પરાધિનતા હોય અને અન્યોન્ય પ્રત્યેનું કર્તવ્ય પાલન હોય **- મહેન્દ્ર મેઘાણી**
- ઘર-એટલે-આપણા પગ જેનાથી વિખુટા પડી શકે, પણ આપણું હૈયું કદી નહીં **- તમિલ કહેવત**
- ભૌતિક સુખ-સગવડો પરત્વે અનાસક્તિ અને એમાંથી મુક્ત થવાની ઝંખના એ જ વૈરાગ્ય **- ધર્મસૂત્ર**
- સહન કરવાનું જ જો સ્વાભાવિક હોત તો સુખની ઇચ્છા માણસમાં જાગ્રત જ કેમ થાત? સુખની ઇચ્છા ઉદ્ભવે છે કારણ કે સુખી થવું સ્વભાવિક છે, બીજું બધું અસ્વાભાવિક છે **- પૂજ્ય મોટા**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

આજના અધિકારી-સત્તાધીશો-પ્રધાનો રાજયપાલો નાણાકીય કૌભાંડોમાં તો અવ્વલ હોય છે જ પણ 'ચારિત્ર્ય'ની સિથિલતામાં પણ બેશરમ હોય છે એમના કિસ્સા ચર્ચામાં રહેતા જ હોય છે કોઇક સાહેબ જાસૂસી કરાવે, સીડી કાંડો થાય, કોઇ ડીએને માટે સુપ્રીમ સુધી લડે!

પૂર્વના રાજાઓ અને સત્તાધીશો કર્તવ્ય અને ચારિત્ર્ય બાબતે મક્કમ હતા.

અર્જુનને એકવાર ઇન્દ્રસભામાં મુખ્ય મહેમાન તરીકે નિમંત્રણ મળ્યું, બધા ઇન્દ્રોનો સ્વભાવ આજના ઇન્દ્રો જેવો જ હોય સત્તા ટકાવી રાખવા બળિયાની તમામ જાતની 'સરભરા' કરતા.

એ રાત્રે એકાંતમાં ઇન્દ્રએ અર્જુનના સુખોપભોગ માટે અપ્સરા ઉર્વશીને મોકલી.

અર્જુનને એવી કોઇ પણ પ્રકારની સેવા સ્વીકાર્ય ન હતી. એણે હાથ જોડી સેવાનો અનાદર કર્યો.

ઉર્વશીનું અપ્સરા તરીકેનું સ્વમાન ઘવાયું. અર્જુનને રીઝવવા ઘણા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ. અંતે એણે શાપ દીધો. 'જા તું, એક વર્ષ નપુંસક થઇ જઇશ.' અર્જુને એ શાપ સ્વીકાર્યો. (જો કે વનવાસમાં એ જ શાપ તેને ગુપ્તવાસમાં મદદરૂપ પણ થયો.)

Email - sureshchandrabhatt18@gmail.com

# જાગ્યા ત્યાંથી સવાર ગણીને અબઘડીથી નિર્ણય લઇએ કે મળેલી કિંમતી ક્ષણો ખોટી રીતે વેડફીશું નહી

## રામ રતન ધન પાયો...

*- લક્ષ્મી એમ. વાધવાણી (નિરંકારી)*

મીરાંબાઇનું ભજન 'રાત રતન ધન પાયો' બહુ પ્રચલિત છે. પણ આજે આપણે જોઇએ છીએ કે રામ 'રતન' ધનને રટણમાં આપણે ફેરવી દીધું છે. મુખેથી રામ-રામ તો સૌ કહે છે રટણ તો સૌ કરે છે, પણ ધ્યાન શું એ રામનામમાં હોય છે? મોટા ભાગે પૂજા કરતાં કરતાં પણ ધ્યાન ઘરકામમાં કે નોકરીએ સમયસર પહોચવાનું છે એવા વિચારોમાં પણ પરોવાયેલું હોય છે. આમ, કયારેક ડરથી તો કયારેક એક પ્રથા તરીકે પણ રામનામ લેવાય છે. રામનામ લેવાથી, પૂજા પાઠ કરવાથી, માનતા માનવાથી, ચઢાવો ચઢાવવાથી પ્રભુ રાજી થશે એવી પણ માન્યતા સામાન્ય રીતે આપણે ધરાવીએ છીએ.

આ તો એ જ થયું કે દૂધ દૂધના નામનું રટણ કરતાં રહીએ પણ, ના તો દૂધ લઈએ કે ના દૂધ પીએ. તો પછી દૂધથી મળનાર શક્તિ, સ્વાદ કયાંથી મળવાના? પણ આપણે દૂધ પીએ/ગટગટાવીએ ત્યારે દૂધ શબ્દ પણ બોલી નથી શકતાં છત્તા દૂધનો સ્વાદ માણી શકીએ છીએ, શક્તિ પામી શકીએ. બરાબર એ જ રીતે જો આપણે રામનામનું રટણ મુખેથી ના કરીએ પણ આપણે સતત એની હાજરીનો અહેસાસ અનુભવીએ. આપણા રોમરોમમાં એની હાજરી મહેસૂસ કરીએ. જેમ શ્વાસ લેવા માટે અલગથી સમય કાઢવો નથી પડતો આપમેળે શ્વાસ લેવાઈ જાય છે તેમ અંતરમાં પ્રભુનું સ્મરણ આપમેળે હાલતા-ચાલતા, ઉઠતા બેસતા, થાય તો હાથમાં માળા લઈ જપવાનો કે પૂજા પાઠ માટેનો સમય ના મળે તો પણ આપણું સ્મરણ, આપણી પ્રાર્થના ઈશ્વરને પહોંચી જશે.

મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો પવિત્રતાની નિશાની સ્વરૂપ છે. એ સ્થળે જ નહિ એની આજુબાજુ પણ વાતાવરણ પવિત્ર થઈ જાય છે. પણ આ બધા સ્થળો છે. જયારે પ્રભુ તો અત્ર, તત્ર, સર્વત્ર છે. એવું નથી કે મંદિરમાં જ ભગવાન/દેવી દેવતા કે મસ્જીદમાં જ અલ્લાહ છે અને ચર્ચમાં જ જીસસ અને ગુરૂદ્વારામાં જ ગુરનાનક છે. આમ જુઓ તો દેહસ્વરૂપે તો આ સંતો-મહંતો કે શ્રીરામ, શ્રીકૃષ્ણ કે હનુમાનજી, જીસસ કે હજરત મહંમદ પયગંબર નથી જ તે વાતથી આપણે સૌ જાણકાર છીએ જ. આ સૌ જે તે સમયનાં પયગંબર હતા. પણ તેમના જીવન જ આપણા સૌ માટે ઉદાહરણ રૂપ રહ્યાં છે. તેમણે શું કહ્યું તે વાંચવા-જાણવાનો સમય ના હોય તો પણ તેઓ કેવું જીવન જીવ્યા તેનો સો મો ભાગ પણ આપણા જીવનમાં ઉતારીએ તો પણ ધન્ય થઈ જવાય માત્ર તેમના જીવનના આદર્શને અપનાવીએ તો ય ઘણું...!

કેટલાય દિવસોથી રૂમ અંધારીયો હોય પરંતુ જો એક નાનકડો દિવો પણ પ્રગટાવવામાં આવે તો એ અંધકાર તરત ખતમ થઈ જાય કારણ અંધારાનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી હોતું, રોશનીનો અભાવ એ અંધારૂં છે. આવો આ મનમાં રહેલ ભ્રમરૂપી અંધકારને દૂર કરીએ અને માત્ર ધર્મસ્થળોએ જ નહિ પણ રાત દિન હાલતા ચાલતા ઈશ્વરસ્મરણ કરીને આપણો સમય સુધારીએ. કારણ સમય એ જીવન છે. સ્મરણમાં સમય જશે તો ખોટી નિંદા, નફરત, વેર, ઈર્ષ્યા, ચાડીચુગલી કે ગોસીપમાં સમય વેડફાશે નહી એટલુ જ નહીં એ બધા પાપોથી પણ બચેલા રહીશું, જાગ્યા ત્યાંથી સવાર ગણીને અબઘડીથી નિર્ણય લઈએ કે મળેલી કિંમતી ક્ષણો ખોટી રીતે વેડફીશું નહી. રટણ કરીને અનમોલ રતન જેવા જીવનને સુધારી લઈશું.

# જે દુઃખદાયક અને નકામું છે તેને જેટલું ઝડપથી વિસારે પાડી શકાય એટલી જ ત્વરિત ગતિએ જ આનંદપ્રદ અને ઉપયોગી છે તેને યાદ રાખવાની ક્ષમતા વધી જતી હોય છે

## સ્મરણનું વળગણ

### અક્ષયપાત્ર

*-બકુલ દવે*

(ઝાઝું ભૂલ્યા વગર જિંદગી આગળ વધી શકતી નથી - બાલ્ઝાક)

ફ્રેન્ચ નવલકથાકાર બાલ્ઝાકે એના જીવન દરમિયાન વિપુલ સાહિત્યનું સર્જન કર્યું. એની નવલકથાઓમાં ઠેરઠેર આવા ચિંતનાત્મક વાકયો મળી આવે છે. ચિંતનપ્રેરક નવલકતાઓમાં કલાત્મક ઊંડાણ હોય છે. તેથી કયારેય અપ્રસ્તુત બનતી નથી. એને ફરી ફરી વાંચવાનું મન થયા કરે છે.

સ્મૃતિ અને વિસ્મૃતિ બંને જરૂરી છે. જીવનના પ્રવેશદ્વાર પર ચીપકાવેલા એ 'લાભ-શુભ'ના સ્ટિકર્સ છે. બંને પાસપાસે છે તોપણ જુદા છે. બંને એકબીજાથી અલગ ઊઘડી શકે છે અને બંધ થઇ શકે છે. પણ દ્વારનું સંપૂર્ણ ઊઘડવું તો એ બંને સાથે ઊઘડે ત્યારે જ શક્ય બને છે. સ્મૃતિ ધારદાર હોય તે વરદાન છે પણ ભૂલતાં ન આવડતું હોય તો સ્મૃતિ અભિશાપ બની શકે છે. રમેશ પારેખની પંક્તિઓ છે, બની જાઉં છું લોહીલુહાણ હું, સ્મૃતિનેય કેવી અણી હોય છે.'

સ્મૃતિના પટારામાં અનેક ઘટનાઓ અને પ્રસંગો એકત્રિત થતાં રહે છે. કયારેક પટારાનું ઢાંકણ ઊઘડે છે ને કોઇ ઘટનાનું સ્મરણ ઘેરી વળે છે. કયારેક કોઇ પ્રસંગનું સ્મરણ મધુર હોય છે તો કયારેક કડવું અને દુઃખદાયક. પણ જીવનમાં અનેક વણલખી શર્તની જેમ અહીં પણ એક શર્ત છે. જે દુઃખદાયક અને નકામું છે તેને જેટલું ઝડપથી વિસારે પાડી શકાય એટલી જ ત્વરિત ગતિએ જ આનંદપ્રદ અને ઉપયોગી છે તેને યાદ રાખવાની ક્ષમતા વધી જતી હોય છે.

એક કર્મચારીએ પોતાના અધિકારીને ખોટું કરવામાં સહકાર આપવાની સ્પષ્ટ ના કહી દીધી. અધિકારીનો અહમ્ ઘવાયો. કર્મચારીને પરેશાન કરવાની એક પણ તક એમણે જતી ન કરી. દ્વેષનો ગુણાકાર થતો રહ્યો. વેરની આગ એમણે ભભૂકતી રાખી. અચાનક એક દિવસ અધિકારીને અકસ્માત નડ્યો. યોગાનુયોગ કર્મચારી પણ એમની સાથે હતો. એ એમને તાત્કાલિક હોસ્પિટલ લઇ ગયો. લોહીની જરૂર પડી ત્યારે એણે અધિકારીને રક્તદાન કર્યું. અધિકારી બચી ગયા.

સ્વસ્થ થયા પછી અધિકારીએ કર્મચારીને પૂછ્યું, 'મેં તને ત્રણ વાર મેમો આપ્યો. તારો સી.આર. સારો ન લખ્યો તોપણ તું મને હોસ્પિટલ લઇ ગયો? એટલું જ નહીં, પણ તેં મને તારૂં લોહી પણ આપ્યું.'

'તને શું કર્યું તે મને ત્યાર પણ યાદ ન હતું ને આ ક્ષણે પણ યાદ નથી.'

'કેમ, તું માણસ નથી?'

'માણસ છું માટે જ આવું બધું ભૂલી જાઉં તેવા પ્રયત્ન કરૂં છું...' કર્મચારીએ કહ્યું, 'સાહેબ, મધમાખી કરડે ત્યારે આપણે એનો ડંખ કાઢી નાખીએ છીએ. તેમ ન કરીએ તો સોજો ચડે અને પીડા થયા કરે.'

અણગણતી ઘટનાનું સ્મરણ વળગણ બની જાય તે પહેલાં એને ભૂલી જવાય તો જીવનનું વહેણ એકધારૂં રહી શકે છે. બોજરૂપ બનેલા બનાવોનો બોજ ઊંચકીને ચાલતા રહેવાથી જીવનની ગતિ ધીમી પડી જાય છે. કયારેક જીવનનો થાક લાગે છે, હાંફી જવાય છે. આ લેખનના અંતે એક ઉર્દૂ શાયર 'સાગર'નો એક શેર મૂકવાનું મન થાય છે.

યાદે - ગરીબ ઝુર્મ થી કુફ્ર થી દીને-હુસ્ન મેં,
અબ હૈ યે કયૂં સફાઇયાં, ખૂબ કિયા ભૂલા દિયા.

સૌંદર્યની બાબતમાં ગરીબની યાદ એક ગૂનો ગણાય, કુફ્ર (નાસ્તિકતા) ગણાય. હવે એનો ખુલાસો રહેવા દો ને, તમે ભૂલી ગયા તે ઘણું સારૂં કર્યું. બસ.

# ગઝલકાર ડૉ. એસ.એસ.રાહી દ્વારા 'ગઝલ ગુંજન' અવસરે જે સ્વની બેનમૂન ગઝલો, સ્વમુખે, પોતાની આગવી - અનોખી છઠામાં, જે ત્રીસેક જેટલી ગઝલો પેશ કરીને, સર્વેને જે મંત્રમુગ્ધ કરવામાં આવ્યા હતા, તે ખરેખર એક અવર્ણનીય અને અનેરો લ્હાવો હતો

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

### શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

***સાહિત્ય અવસર સેતુ - ગઝલ ગુંજન***

ગાંધીનગર સાહિત્ય સભાના આમંત્રણને માન આપીને, ગુજરાતી ગઝલના નામી ગઝલકાર ડો.એસ.એસ. રાહી, પાટનગર ગાંધીનગરને આંગણે પધારીને હાજર સર્વેને ગઝલનાં મઘમઘતા ઉપવનમાં સહેલ કરાવી, સર્વેનાં દિલ જીતી લીધા. આ ગઝલોની રસલ્હાણને માણવા ગાંધીનગરના નામી સાહિત્યકારો - મહાનુભાવો- મૂઠી ઊંચેરા કવિઓ/લેખકો સર્વશ્રી દોલત ભટ્ટ, વસંતભાઇ ગઢવી (આઇએએસ), પ્રવીણભાઇ ગઢવી, (આઇએએસ), ડો. કેશુભાઇ દેસાઇ, હરિકૃષ્ણ પાઠક, રજનીકુમાર પંડ્યા, ભાનુપ્રસાદ પુરાણી, રાઘવજી માધડ, લલિતભાઇ, ફીલીપ કલાર્ક, રમણભાઇ વાઘેલા, વાગ્મિન બૂચ, સુરેશભાઇ પ્રા. ભટ્ટ, પી.બી. શ્રીમાળી, કુંદનબેન દવે વિગેરેએ હાજર રહી, આ 'ગઝલ ગુંજન'ના અવસરને ચાર ચાંદ લગાવી દીધા. સર્વેએ માણ્યો, નાણ્યો અને વખાણ્યો!

ગઝલવિદ, ગઝલકાર અને ગઝલ વિષયમાં ડોકટરેટની પદવી ધારણ કરનાર ડો. એસ.એસ. રાહીની ગઝલોના ગુંજારવના અમોલ અવસરનાં તોરણ, 'મહારાષ્ટ્ર ભવન' ને બારણે, મહારાષ્ટ્ર સમાજના સદ્ભાવથી તા. ૧૯-૪-૨૦૧૪ ને શનિવારના રોજ બંધાયા અને આ 'ગઝલ ગુંજારવ' અવસરનું મંગલાચરણ સંસ્થાના પ્રમુખશ્રી ભરત કવિ 'ઊર્મિલ'ની અધ્યક્ષતામાં, મંત્રીશ્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, શબદની સંગિની, વીણાવાદિની મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવ્યું - સર્વેએ સાથ પૂરાવ્યો.

અધ્યક્ષ ભરત કવિએ પોતાના મનનીય ઉદબોધનમાં, મોંઘેરા મહેમાન-ગઝલવિદ ડો. એસ. એસ. રાહી અને પાટનગરના સુપ્રસિદ્ધ સાહિત્યકારો, મહાનુભાવો, સાહિત્ય રસિકો-ભાવકો અને સભ્યશ્રીઓનું હેતાળવા ઉમળકાથી શાબ્દિક સ્વાગત કરી, ગઝલકાર એસ.એસ. રાહીનો પરિચય આપ્યો અને સંસ્થાના ઉપપ્રમુખ સુરેશ પ્રા.ભટ્ટ દ્વારા રાહીનું પરિમલસભર પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

ડો. રાહીએ સને ૧૯૯૧માં 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલ' વિષય પર પી.એચ.ડી. કરેલ છે. અને તેઓએ લગભગ ૨૮ પુસ્તકો લખેક છે, જેમાં ૮ (આઠ) ગઝલ સંગ્રહો - (૧) પરવાઝ (૨) ઘટના (૩) થાક (૪) હજુ અજવાસ છે કાળો (૫) લેન્ડ સ્કેપ) (૬) તલપ (૭) ઘરોબો અને (૮) પીડાનાં ગુલાબનો સમાવેશ થાય છે. તેમણે (૧) 'છ' શેર સંપાદદનો (૨) છ - શેર આસ્વાદ, ગઝલ આસ્વાદ, સ્વરૂપ વિચાર, ગઝલ સંપાદન, નઝમ સંપાદન, મુક્તક સંપાદન, જેવા સંપાદનો કરેલ છે અને (૩) આઠ અન્ય બાબતેનાં પુસ્તકો બહાર પાડેલ છે. આમ ગઝલ અને ગઝલ આનુસાંગિક સાહિત્યમાં તેમણે ખૂબ જ ઊંડું અને બહોળું ખેડાણ કરી, ગઝલ સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં સિંહફાળો આપે છે. તેમણે ઘણાં સામયિકો - આકૃતિ, ધબક, લિપિ, શહિદે ગઝલ, તમન્ના વિગેરેમાં સંપાદન પણ કરેલ છે. તેમણે લોકસત્તા, જનસત્તામાં 'ઝરૂખો', જયહિન્દમાં 'ગઝલ ગુંજન', જનસત્તામાં 'નકશાની નદી' દિવ્ય ભાસ્કરમાં 'અત્તરદાની', તમન્નામાં 'ગઝલની ઉજાસ' માં અને સૌજન્ય માધુરીમાં 'ગઝલકાર પરિચય' વિગેરે 'કટાર લેખન' કરેલ છે. તેમની કૃતિઓ ગુજરાતી સાહિત્યમાં આગળ પડતા લગભગ બધા જ સામયિકોમાં પ્રસિદ્ધ પામી છે તથા ગુજરાતી ભાષાના અગત્યના ગઝલ-કાવ્ય સંપાદનોમાં તેમની કૃતિઓ સંપાદિત કરાઇ છે. તેમણે પત્રકારત્વ ક્ષેત્રે પણ 'દિવ્ય ભાસ્કર, જનસત્તા, જયહિન્દ અને લોકમાન્યમાં અનુવાદક અને સમાચાર સંપાદક તરીકે સેવાઓ આપેલ છે. તેમને ગુજરાત સરકારનું ગઝલનું પ્રથમ પારિતોષિક, કલાપી ગઝલ-સ્પર્ધામાં, કાવ્યસંગ્રહ, (મોનોઇમેજ) 'લેન્ડ સ્કેપ' ને 'ઝવેરચંદ મેઘાણી એવોર્ડ' અને શૂન્ય પાલનપુરી એવોર્ડ-૨૦૧૨ થી નવાજવામાં આવેલ છે. તેઓ આકાશવાણીના માન્યતાપ્રાપ્ત કવિ પણ છે. તેમનું વ્યવસાયિક કૌશલ્ય પણ તેમની ગઝલો જેટલું જ ઊંચુ છે. તેમણે કચ્છ-સૌરાષ્ટ્ર, પ્રોડક્ટિવીટી કાઉન્સિલ, રાજકોટમાં જુલાઇ-૧૯૭૮થી એપ્રિલ-૧૯૯૧ સુધી આસિસ્ટન્ટ એક્ઝીકયુટીન સેક્રેટરી તરીકે અને એપ્રિલ-૧૯૯૧ થી એપ્રિલ-૨૦૦૩ સુધી રાજકોટમાં કોમ્પ્યુરાઇઝડ ટાઇટ સેટીંગ અને લેસર પ્રિન્ટિંગ (ડી.ટી.પી.) નો સ્વતંત્ર વ્યવસાય પણ કરેલ છે.'

ગઝલકાર ડો. એસ.એસ.રાહી દ્વારા 'ગઝલ ગુંજન' અવસરે જે સ્વની બેનમૂન ગઝલો, સ્વમુખે, પોતાની આગવી - અનોખી છઠામાં, જે ત્રીસેક જેટલી ગઝલો પેશ કરીને, સર્વેને જે મંત્રમુગ્ધ કરવામાં આવ્યા હતા, તે ખરેખર એક અવર્ણનીય અને અનેરો લ્હાવો હતો. તો આવો, બાકી રહેલ અને આપણે પણ એ ગઝલોના મહત્ત્વને શેર, રદ્દીક, મુક્તકોના અંશોને માણીએ અને મમરાવીએ!

તેમને સૌ પ્રથમ 'રદ્દીક - ની વચ્ચે ઊભો છું હું' રજૂ કરતાં પૂર્વે જણાવ્યું કે, આ 'હું' એટલે 'તે','તું' કે 'તમે' પણ હોઇ શકે! ગઝલકાર ગઝલમાં જગતના તમામવતી વાત કરે છે - તમામની વેદનાની વાત કરે છે :

(૧) હું દરિયાના મોજાંની વચ્ચે ઊભો છું!
હું ચૂપચાપ વાયરાની વચ્ચે ઊભો છું.
ઝમઝમ અને ગંગાની વચ્ચે ઊભો છું.
'હું' વંટોળ-ઝંઝાની વચ્ચે ઊભો છું.

(૨) મેં ખુશીથી ભર્યા છે ખિસ્સામાં
તોય આવે કાં દર્દ હિસ્સામાં?
ઉમ્રભર છેતરે છે એ સૌને,
એવું શું હોય છે અરીસામાં!

(૩) એ હજું અજવાસ છે કાળો, રૂપેલી વસ્ત્રને બાળો,
અને સૂરજ પેટાવવા માટે, હું બાકસનો કરૂં ફાળો
ફૂલોનું આગમન થાશે, ઝૂકી ગઇ છે બધી ડાળો
ઉનાળો તો ગયો કિન્તુ, મને પીડે છે ગરમાળો

(૪) તું કહે તો, આજ સપનામાં મળું, કે પછી મળવાની બીનામાં મળું!
માત્ર મળવાનો છે હેતુ એટલે; દ્વારકામાં અથવા કાબામાં મળું!
બે જ સ્થળે મારી હયાતી હોય છે, ટોચ પર કે કયારેક તળિયામાં મળું!

(૫) ઓળખાતો પણ નથી, બેનામ છે,
જેલમાં જે આજ છૂટયો છે થાક!
રાત વરસાદી છે અને આવ્યા છે પૂર,
ને નદીમાં ટહેલવા નીકળ્યો છે થાક!

(૬) જળ હતું ખૂબ જ વિવશ, ચૂપચાપ હું જોતો રહ્યો
ના થયું મટકીને વશ, ચૂપચાપ હું જોતો રહ્યો
સૌની આંખો સ્થિર થઇ, મહેંદી ભરેલા હાથ પર,
માંડવે શ્રીફળ, કળશ ચૂપચાપ હું જોતો રહ્યો.
બંદગી માટે મેં અપનાવી અનોખી પદ્ધતિ.
ઘાવ જૂના આઠ-દસ, ચૂપચાપ હું જોતો રહ્યો!

(૭) એજ મુદ્દા પર મેં ઘર છોડી દીધું, જયાં તમે આખું નગર છોડી દીધું!
બુદ્ધને મેં યાદ પણ નહોતા કર્યા, વિશ્વ મેં હેતુ વગર છોડી દધું.
કમ નથી હું સહેજ પણ એકલવ્યથી, બંધ આંખે મેંય શર છોડી દીધું.

(૮) અમસ્તા જ જીવતર બગાડીને બેઠાં,
અજાણ્યે જ જંતર વગાડીને બેઠા,
હવે કોણ મૃગજળની સંભાળ લેશે?
તમે જયાં મૃગોને ભગાડીને બેઠા!
પછી રાત કેવી અને ઊંઘ કેવી?
હવે માંહ્યલો જયાં જગાડીને બેઠા!

(૯) લ્યો ફૂલોના રંગ મઠારી જુઓ,
બને તો આ ખુશ્બુ વધારી જુઓ,
તમે ઘર સમાવી લીધું આંખોમાં,
કહ્યું મેં - કેવળ બારી જુઓ!

(૧૦) હવે તીર, તલવાર હેઠા મૂકો
અહીં ઘાટ-ખૈબર નથી, તો નથી!
ખબર છે કે મહેંક છે તું, માત્ર તું!
બગીચામાં અત્તર નથી, તો નથી!
અમસ્તુ જ માથું કપાવ્યું છે મેં
શહીદી બરાબર નથી, તો નથી!

(૧૧) પહેલાં અહીં દિવાલ હતી કે તમે હતા?
કપરાં સમયની ચાલ હતી કે તમે હતાં?
એ ગઢ, ઝરૂખો, કાંગરા, ખંડેર ઝળહળે,
ભીંતર કોઇ મશાલ હતી, કે તમે હતાં?
રેલાતો હતો રૂપનો વૈભવ દશે દિશાએ,
દૃષ્ટિ સ્વયં ગુલાલ હતી કે તમે હતા?

(૧૨) તું મને નહીં મળે તો, નક્કી છે
વિશ્વ આખું અલિપ્ત થઇ જશે.
એવી બીકે ભજું છું એને
નહીં તો ઇશ્વરે વિરક્ત થઇ જશે

(૧૩) હજી પણ ભરઉનાળો, કેમ બળવાનો વખત આવ્યો?
જીવન મધ્યાહ્ન ટાણે, કેમ ઢળવાનો વખત આવ્યો?
હિમાલયમાં જઇને હાડ ગાળો છો તમે;
મને સહરાનાં રણમાં, કેમ ગળવાનો વખત આવ્યો?
હું 'રાહી'છું, મને તેથી જ તો આવી સજા થઇ છે.
અજાણ્યા માર્ગ પર બિન્દાસ્ત વળવાનો વખત આવ્યો!

(૧૪) માત્ર હૈયું જ ખોલવાનું છે, જીભ દ્વારા કયાં બોલવાનું છે!
ત્રાજવું લઇને કેમ આવ્યાં છો? કોના હૈયાને તોલવાનું છે!
થઇ ગયા સાપ સ્થિર, માટે તો મોરલીએ જ ડોલવાનું છે,
એટલે જ છે તનાવ શેરીમાં, બંધઘર આજ ખોલવાનું છે!

(૧૫) ચંદ્રમા ગુમ થયો છે તેથી તો, ફાનસની આજ રાતપાળી છે.
આ પ્રતીક્ષાનો બાંકડો છે દોસ્ત, જિંદગી મેં આ સ્થળે ગાળી છે!

(૧૬) એક એવી જિદ હું લઇ બેઠો, દિલ વગરનાને દિલ દઇ બેઠો.
પેલા ઇશ્વરનું કયાં કશું નક્કી, એટલે હું બધાનો થઇ બેઠો!
છીનવી લે ચરણ એ પહેલાં એ આખો રસ્તો તેને દઇ બેઠો!
'રાહી' સચ્ચાઇ થઇ જશે સાબિત, લ્યો ગઝલની ચિંતામાં જઇ બેઠો!

(૧૭) એક જ ઘર પણ દ્વાર અલગ છે, ભીંતો સાથે ભાર અલગ છે.
તો પણ, વીણા, ઝણઝણવાની, તાલ અલગ છે - તાર અલગ છે!
લ્યો સૂંઘી લ્યો ફૂલ ગઝલનું, ખૂશ્બુ ભારોભાર અલગ છે.
એનાથી ત્રણ ટૂંકડા થાય, 'રાહી'ની તલવાર અલગ છે!

(૧૮) મારી ઇચ્છાનું વિસ્તરણ કયાં છે?
રાત કયાં છે ને જાગરણ કયાં છે?
એજ ચર્ચા કરે છે પુષ્પો કે,
પેલી ખૂશ્બુનું વ્યાકરણ કયાં છે?

(૧૯) જે તમો દરિયો ખેડી, ખલાસી થઇ ગયા!
જે થયા બેઘર, પ્રવાસી થઇ ગયા!
તાજગી અકબંધ કંટકની રહી,
કિન્તુ ગલદસ્તા જ વાસી થઇ ગયા!

(૨૦) તાજ-સિંહાજન રહ્યા નથી એટલે
ખંજરે કેવા વિલાસી થઇ ગયા!
જે કદી પીતા હતા જળ, એ બધા
કાં મદિરાના જ પ્યાસી થઇ ગયા!

(૨૧) ચરણોનાં ભારથી જતો થાકી જવાય છે.
બે-ચાર શ્વાસ લઉં નેં હાંફી જવાય છે.
મસ્જિદ, યા તો મંદિરે જવાનું ના કહો;
હમણાં તો સુરાલયમાંય ત્રાસી જવાય છો!

(૨૨) સાવનના એ દિવસનો કરૂં કેમ ભરોસો?
ભીના થવા ગયા ને વાછટ જતી રહી!
અંતિમ સફરમાં જોવા મળ્યો દિવ્ય ઝળહળાટ,
તે બાદ શ્વાસમાં થતી વધઘટ જતી રહી!

'ગઝલ ગુંજન'ની પૂર્ણાહૂતિ થતાં, આભારવિધિ મંત્રી સંજય થોરાત દ્વારા કરવામાં આવી.

- દધિ

**● અભિનંદનસહ શુભેચ્છાઓ**

ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય, નગરના જાણીતા સાહિત્યકાર અને 'દિવ્ય ભાસ્કર'ના કોલમીસ્ટ શ્રી રાઘવજી માધડની વાર્તા 'ભડકો' ને, નર્મદ સાહિત્ય સભા દ્વારા યોજવામાં આવેલ 'કેતન મુનશી વાર્તા સ્પર્ધા'ની ૧૩૭ વાર્તાઓમાંથી શ્રેષ્ઠ વાર્તા તરીકે પસંદગી કરવામાં આવેલ છે, જે અન્વયે તેઓશ્રીને રૂા. ૨૫,૦૦૦ ના ગૌરવ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવનાર છે, જે નગર માટે તથા ગાંધીનગર સાહિત્ય સભા માટે ગૌરવપૂર્ણ બાબત છે. રાઘવજી માધડને અંતરના દધિ છલકતા હેતાળવા અભિનંદન અને તેમની આ સાહિત્ય સભા સાધના અખંડ તપે તેવી શુભેચ્છાઓ...